**ડાયરેક્ટ ❤ સે**

સંબંધ અને પ્રેમ
માત્ર શબ્દો છે
ખરી કમાલ તો
સમજણ કરી જાય છે

# જન્મદિને વધામણી


સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨


અમૃતલાલ એમ પરમાર


શાંતિ ત્રિલોકસિંહ રાજપૂત


મિહીરસિંહ મકવાણા
મો. ૯૪૨૪૯ ૭૫૩૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# ૧૧ યુનિવર્સિટીની ૧૧૦ ગ્રાન્ટેડ કોલેજોમાં 'નમો વાઈફાઈ' સુવિધા

## અલબત્ત વિદ્યાર્થીઓ માત્ર એજ્યુકેશન પ્રોગ્રામ જોઈ શકશે

ગાંધીનગર, તા. ૧૫
રાજ્ય સરકાર કોલેજોમાં વાઈફાઈ તો આપશે પણ વાસ્તવિક્તા એ છે કે એક વખત વાઈફાઈ કનેક્શન ચાલુ થયા બાદ તે યોગ્ય રીતે ચાલે છે કે નહીં? વિદ્યાર્થીઓ તેનો યોગ્ય ઉપયોગ કરે છે કે નહીં? અથવા તો આ વ્યવસ્થાનો કેવો અને કેવી રીતે ઉપયોગ થાય છે કે નથી થતો તે સહિતની વિગતો અને જાણકારી રાખવા માટે તંત્ર ઉપલબ્ધ નથી..

ગુજરાતમાં ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ ૧૧૦ કોલેજોને વાઈફાઈ કનેક્ટિવિટી આપવાનું નક્કી કરાયું છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૧૦ સરકારી કોલેજોને આ સુવિધા પુરી પાડવામાં આવ્યા બાદ હવે બીજા તબક્કામાં વધુ ૧૧૦ ગ્રાન્ટેડ કોલેજોને પણ આ સુવિધા આપવામાં આવશે. તેના થકી વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં એજ્યુકેશનને લગતાં તમામ કાર્યક્રમો જોઈ શકશે. રાજ્ય સરકારે દરેક વિદ્યાર્થીઓને ઈ-ટેબલેટ આપ્યા છે. તેના માધ્યમથી એજ્યુકેશનને લગતાં કાર્યક્રમો જોઈ શકશે. રાજ્ય સરકારે ગત વર્ષે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ટેબલેટ આપ્યા હતા. તેના ઉપયોગ થઈ શકે તે માટે અગાઉ સરકારી કોલેજોમાં વાઈફાઈ કનેક્ટિવિટી અપાઈ હતી. પહેલા તબક્કામાં ૧૧૦ સરકારી કોલેજોને આ વ્યવસ્થા અપાઈ હતી. હવે બીજા તબક્કામાં ગ્રાન્ટેડ ૧૧૦ કોલેજોને આ સુવિધા અપાશે. 'નમો વાઈફાઈ'ના નામે કોલેજોને અપાતી વ્યવસ્થામાં હોટ્સ્પોટના સાત પોઈન્ટ અપાશે. સળંગ પાંચ વર્ષ સુધી આ વ્યવસ્થા આપવાનો ખર્ચ રૂ. ૧૨ લાખ ૫૫ કરોડ આવશે. દરેક કોલેજોનો આ ખર્ચ ગણવામાં આવે તો કુલ ૧૩ કરોડના ખર્ચે આ વ્યવસ્થા ઊભી કરાશે. ગુજરાત નોલેજ કોન્સોર્ટિયમ (કેસીજી)ના માધ્યમથી દરેક કોલેજોમાં આ વાઈફાઈ કનેક્શન લગાવવામાં આવશે. કેસીજીના સૂત્રો કહે છે વિદ્યાર્થીઓને અપાયેલા ટેબલેટ અને મોબાઈલમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાશે. જોકે, વિદ્યાર્થીઓ આ વ્યવસ્થામાં માત્ર એજ્યુકેશનને લગતાં પ્રોગ્રામો જોઈ શકશે. એટલે કે ઈ-લેક્ચર, પરીક્ષાના કાર્યક્રમ, ઓનલાઈન એક્ઝામ સહિતની માહિતી અને જાણકારી મેળવી શકશે. હાલમાં ગુજરાત યુનિવર્સિટીની ૨૮, ઉત્તર ગુજરાતની ૨૨, દક્ષિણ ગુજરાતની ૧૯, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૧૩, એસ.પી. યુનિવર્સિટીની ૭, ગોવિંદગુરુ યુનિવર્સિટીની ૬, ભાવનગર યુનિવર્સિટીની ૩, એમ.એસ. યુનિવર્સિટીની એક, કચ્છ યુનિવર્સિટીની ૪, જીટીયુની એક અને જૂનાગઢ યુનિવર્સિટીની ૬ ગ્રાન્ટેડ કોલેજોમાં આ વાઈફાઈ સુવિધાઓ ઊભી કરાશે.

# આજે લાયન્સ, લાયોનેસ અને લીઓ ક્લબ ઓફ ગાંધીનગરનો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫
લાયન્સ, લાયોનેસ અને લીઓ ક્લબ ઓફ ગાંધીનગરના નવનિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ શનિવારે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં વર્તમાન પ્રમુખ નયન મધુકર, મીનાક્ષી જયસિંઘાણી અને મૌલિક પ્રજાપતિએ જણાવ્યું છે કે તા. ૧૬ જૂનના રોજ સાંજે ૬ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે નવનિયુક્ત પ્રમુખ પિયુષ શાહ, ડિમ્પલ દેસાઈ અને રિક્કીન આચાર્ય તથા તેમની સમગ્ર ટીમનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો છે.

શપથવિધિ અધિકારી તરીકે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર રાકેશ પટેલ અને મુખ્ય અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગર જિલ્લાના ગણિત-વિજ્ઞાન શિક્ષકોની અધ્યાપન માર્ગદર્શન તાલીમ



ગાંધીનગર, તા. ૧૫
રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) અંતર્ગત રાષ્ટ્રીય સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)ની નવીન અભ્યાસક્રમ નીતિ આધારિત ધોરણ નવ ના ગણિત અને વિજ્ઞાન ટેક્નોલોજી વિષયના નવીન પુસ્તકો દ્વારા શિક્ષકશ્રીઓએ શાળામાં શીખવવા માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુસર તા. ૧૨ જૂન થી તા. ૧૫ જૂન સુધી ગણિત વિષય અને તા. ૧૮ જૂન થી તા. ૨૧ જૂન દરમિયાન વિજ્ઞાન-ટેક્નોલોજી વિષયની બિન નિવાસી તાલીમનું આયોજન બ્રાઈટ હાઈસ્કૂલ, આનંદબા કેમ્પસ - કરાઈ ખાતે કરવામાં આવેલ છે.

નવીન પાઠ્ય પુસ્તકના અધ્યાપન-માર્ગદર્શન માટે આયોજિત સદર તાલીમ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની તમામ શાળાના ગણિત-વિજ્ઞાન વિષય ભણાવતા સારસ્વત મિત્રો અને આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહે છે. તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં ગાંધીનગર જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી એસ. એમ. બારડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સદર તાલીમ કાર્યક્રમમાં Key Resource Person તરીકે નવીનભાઈ પટેલ અને વિનોદભાઈ પાંડે તેમના અન્ય ત્રીસ સાથીદાર Resource Person સાથે ઉપસ્થિત રહી સુંદર માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. IIT, ગાંધીનગરના પ્રાધ્યાપકશ્રી મનીષ જૈન દ્વારા પ્રવૃત્તિલક્ષી શિક્ષણના અભિપ્રેરક પ્રયોગો નિદર્શિત કરવામાં આવી રહ્યા છે.

સારસ્વત મિત્રોનો સાર્વજનિક સૂર એવો છે કે નવીન અભ્યાસક્રમ નક્કી કરતી વખતે વિદ્યાર્થીઓને જેણે ભણાવવાનું છે એવા શિક્ષકોને કોઈ જ મહત્ત્વ આપવામાં આવતું નથી. પુસ્તક તૈયાર કરતી વખતે કોલેજના પ્રાધ્યાપક અને માધ્યમિક શિક્ષણ સાથે જેને ન્હાવા નિચોવવાનો પણ સંબંધ નથી એવા કહેવાતા તજજ્ઞોને જ તક આપવામાં આવે છે. માધ્યમિક શાળાઓના કોઈ જ શિક્ષકને પસંદ કરવામાં આવતા નથી.

# દર મહિને જિલ્લા સ્તરે રક્તદાન કેમ્પ યોજવા માટે રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૫
'વર્લ્ડ બ્લડ ડોનર ડે' ૧૪ જૂનથી સમગ્ર રાજ્યમાં દર મહિને બ્લડ ડોનેશન કેમ્પ યોજવા સરકારે ગુરુવારે પરિપત્ર કર્યો છે. 'નવગુજરાત સમય'માં 'દર મહિનાની તા. ૧૪મીએ રાજ્યના ૩૩ જિલ્લામાં હવે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ' મથાળા હેઠળ એક અઠવાડિયા અગાઉ અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં આખા વર્ષ દરમિયાન પુરતા પ્રમાણની સુરક્ષિત બ્લડની નિયમિત જરૂરિયાત સામે બ્લડ બેંકોમાં બ્લડની અછત સર્જાતી હોય છે. અછતને નિવારવા અને લોકોને પ્રોત્સાહન આપવા સરકારે પ્રથમ પહેલ કરી છે. દર મહિને જિલ્લા સ્તરે બ્લડ ડોનેશન કેમ્પ યોજાય એવો દેશમાં પ્રથમ નિર્ણય છે.

આરોગ્ય કમિશનર જયંતિ રવિએ પરિપત્ર કરી રાજ્યના તમામ જિલ્લાઓમાં નિયમિત ૧૪મી તારીખે વિવિધ સંસ્થાઓનો સહકાર મેળવી સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજવા ભલામણ કરી છે. એનએસએસ, નહેરુ યુવા કેન્દ્ર, કોલેજીસ, સરકારના જુદાજુદા વિભાગો અને બિનસરકારી સંસ્થાઓનો સહકાર લેવા કમિશનરે આગ્રહ કર્યો છે. તેમણે પરિપત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, નિયમિત સ્વૈચ્છિક રક્તદાન કેમ્પના કારણે લોકોને રક્તદાન કરવાની પ્રેરણા મળશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વર્ષે સરેરાશ ૧૨ લાખ બ્લડ યુનિટની જરૂરિયાત સામે ૧૩૬ માન્યતા પ્રાપ્ત બ્લડ બેંકમાં સાડા આઠ લાખ બ્લડ યુનિટ એકત્ર થાય છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સ્વૈચ્છિક રક્તદાનના આ ઉમદા હેતુ માટે દેશભરમાં 'ગુજરાત મોડેલ' બનશે.

# મહુવાના કૈલાસ ગુરુકુળ ખાતે ૯મું સદ્ભાવના પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૧૫
વિશ્વગ્રામ દ્વારા કૈલાસ ગુરુકુળ, મહુવા ખાતે પૂ. મોરારિબાપુના સાંનિધ્યમાં ૯મું સદ્ભાવના પર્વ, તા. ૮થી ૧૦ જૂન દરમિયાન ઉજવવામાં આવ્યું હતું.

પ્રારંભમાં વિશ્વગ્રામના સંજયભાઈએ સદ્ભાવના પર્વની ભૂમિકાનો ખ્યાલ આપ્યો હતો. પ્રથમ દિવસે વિશ્વ વિખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીએ પોતાના બીજરૂપ વક્તવ્યમાં વિવિધ શહેર, મકાનની ડિઝાઈનમાં માનવીનાં મન, સુખ, દુખ વગેરે કેવાં એકબીજા સાથે જોડાયેલાં છે તેનું રસપ્રદ વિશ્લેષણ કર્યું હતું. અમદાવાદ આઈઆઈએમએ તેમજ ચંદીગઢ શહેરની ડિઝાઈનનો તેમણે ખ્યાલ આપ્યો હતો. બીજા વક્તા જાણીતા ચલચિત્ર સમીક્ષક અમૃત ગંગરે રાજા હરિશ્ચંદ્રથી શરૂ કરીને હાલના મૉલ કલ્ચરલના હવાલે ફિલ્મ જગત સહિત ચલચિત્રના વિવિધ મુદ્દાઓ લોકમાનસ સાથે કેવી રીતે જોડાયેલા છે તેનું નિદર્શન કર્યું હતું. બીજા દિવસે પ્રથમ બેઠકમાં ગાંધી વિચારક પી વી રાજગોપાલ તેમજ કૃષિ અર્થશાસ્ત્રી દેવીન્દર શર્માએ વિકસિત રાષ્ટ્રના સંદર્ભે ભારતનું ચિત્ર રજૂ કર્યું હતું.

બીજી બેઠકમાં સામાજિક કાર્યકર સુષમા આયંગર અને જાણીતા પર્યાવરણવિદ કાર્તિકેય સારાભાઈએ પોષણક્ષમ વિકાસ અને ક્લાયમેટ ચેન્જ બાબતે રસપ્રદ વક્તવ્યો આપ્યાં હતાં. રાત્રિ બેઠકમાં જાણીતા સાહિત્યકાર ધ્રુવ ભટ્ટે પોતાની નવલકથા 'હું તત્ત્વમસિ અને રેવા'નો નર્મદા નદી સાથેનો તાદાત્મ્યભર્યો સંબંધ વર્ણવ્યો હતો.

તા. ૧૦મી જૂનના રોજ પૂ. મોરારિબાપુએ સદ્ભાવના પર્વને સાચા અર્થમાં કોમી એકતા અને ભારતીયતાના સંદર્ભમાં જરૂરિયાતરૂપ ગણાવ્યું હતું. તેમજ સદ્ભાવના ફોરમના કાર્યકરોએ કાશ્મીર, આસામમાં આપત્તિ સમયે બજાવેલી ફરજોને બિરદાવી હતી.

પૂ. મોરારિબાપુના હસ્તે જાણીતા સામાજિક કાર્યકરો ડૉ. મહેરુન્નિસા દેસાઈ તેમજ ફૈસલખાનને સદ્ભાવના ઍવોર્ડ અર્પણ કર્યા હતા. સદ્ભાવના પર્વમાં ૩૫૦થી વધુ કાર્યકરો સમગ્ર ગુજરાતમાંથઈ જોડાયા હતા. જાણીતા લેખક રતિલાલ બોરીસાગર, ડંકેશ ઓઝાએ સમગ્ર પર્વનું સંચાલન કર્યું હતું.

# કલાગુર્જરી દ્વારા રવિવારે ફિલ્મી ગીતોનો કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૫
કલાગુર્જરી, ગાંધીનગરના ઉપક્રમે હિન્દી-ગુજરાતી ફિલ્મ જગતનાં મશહૂર પાર્શ્વગાયક-ગાયિકાઓનાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થા દ્વારા 'પંખીઓએ કલશોર કર્યો... ગાતા રહે મેરા દિલ' નામક આ કાર્યક્રમ આગામી તા. ૧૭ જૂન ને રવિવારના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમ અંતર્ગત નીરજ પાઠક, દર્શના ગાંધી, જ્યોતિ ક્રિશ્ચિયન અને ચિરાગ દેસાઈ ગીતો રજૂ કરશે. પંકજ પાઠક, શૈલેષ ઠાકર દ્વારા સંગીત આપવામાં આવશે. પ્રવક્તા તરીકે તુષાર જોષી પોતાની સેવાઓ આપશે.

સંસ્થાના સભ્યોને આ કાર્યક્રમ માણવા સમયસર પધારવા તેમણે ઈજન પાઠવ્યું છે.

# ધો.૧૨ સાયન્સની ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા ૨૧મીથી શરૂ

ગાંધીનગર, તા. ૧૫
ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ ૨૦૧૮ની ઉત્તરવહીઓના રૂબરૂમાં અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરી છે. તેવા વિદ્યાર્થીઓની અવલોકન પ્રક્રિયા તા.૨૧મી જૂનથી તા.૨૮મી જૂન વચ્ચે કરવામાં આવશે. ઉમેદવારોને ઉત્તરવહી અવલોકન માટેની તારીખ અને સમય દર્શાવતાં કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામા આવશે. આ ઉપરાંત બોર્ડની વેબસાઈટ ૨ પણ ઉમેદવાર પોતાનો બેઠકનંબર તથા અરજીમાં રજિસ્ટર કરેલા મોબાઈલ નંબર લખી કોલ-લેટર તારીખ ૧૮મીથી ઓનલાઈન પણ મેળવી શકાશે.

# આજે સાબરમતી આશ્રમમાં બે વિશેષ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૫
સાબરમતી ગાંધી આશ્રમના શતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે ૧૬મી જૂને બે વિશેષ કાર્યક્રમોનું આયોજન થયું છે. આ નિમિત્તે સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન એન્ડ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આશ્રમવાસીઓની માહિતી આપતી એક પેનલનું ઉદઘાટન થશે, તેની સાથે એક પ્રાર્થનાસભાનું પણ આયોજન થયું છે.

વર્ષ ૧૯૧૭થી ૧૯૩૦ દરમિયાન આ આશ્રમમાં કેટલાક પરિવારો આવીને વસ્યા હતાં. તેમજ સ્વાતંત્ર્ય ચળવળ સહિત આશ્રમની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયા હતાં. આ પરિવારો અને તેમની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતી એક પેનલનું પણ આ કાર્યક્રમમાં ઉદઘાટન કરવામાં આવશે. ઉપરાંત, ગાંધી આશ્રમની પરંપરા મુજબ પ્રાર્થનાસભાનું આયોજન થયું છે. થોડા વખત પહેલાં જ કબીરને દાસ્તાંગોઈ દ્વારા લોકો સુધી પહોંચાડનાર યુવા કલાકાર અંકિત ચઢ્ઢાનું રોડ અકસ્માતમાં નિધન થયું. તેઓ ખાસ કરીને ગાંધી કથા અને કબીરકથા માટે જાણીતા હતાં. તેઓ ગાંધી આશ્રમમાં પણ ગાંધીકથા કહી ચુક્યા છે. તેથી ગાંધીના વિચારો અને જીવનના દષ્ટિકોણથી મૃત્યુને ઉજવવા માટે આ પ્રાર્થનાસભાનું આયોજન થયું છે. ગાંધી આ પ્રાર્થનાને મૃત્યુના રહસ્યો સમજવા માટેની એક પ્રક્રિયા ગણાવતાં. આ દાસ્તાંગોઈમાં સાઉથ આફ્રિકામાં જેમના મૃત્યુની ગાંધીના જીવન પર અસર થઈ એ લોકોના જીવનની કથાથી શરૂ કરીને ભારતમાં તેમના સ્વજનોના મૃત્યુની ઘટનાઓ જેવા પ્રસંગોને આ કથામાં વણી લેવામાં આવશે. આ દાસ્તાંગોઈના ગીતો વેદાંત ભારદ્વાજ દ્વારા સ્વરબદ્ધ કરવામાં આવ્યા છે. જેમાં તુલસીદાસ, નરસિંહ મહેતા અને કબીરની કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૬ જૂન, સાંજે ૫-૩૦થી ૮-૩૦ દરમિયાન ગાંધી આશ્રમ સંગ્રહાલય, સાબરમતી ગાંધી આશ્રમ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રસ ધરાવતી કોઈ પણ વ્યક્તિ હાજરી આપી શકશે.

# ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા દર મહિને કાવ્યપઠન અને વાર્તાસ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના ઉપક્રમે ગાંધીનગરખાતે દર મહિનાના ત્રીજા રવિવારે રચયિતાના સ્વમુખે વાર્તા અને કાવ્યપઠન તથા તે અંગેનો વિમર્શનો કાર્યક્રમ યોજવામાં આવશે.

સંસ્થાના પ્રમુખ અને ભારતીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત વાર્તા, નવલકથાકાર ડૉ. મોહનભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને તા. ૧૭મી જૂન ને રવિવારે બપોરે ૩ કલાકે ડૉ. આંબેડકર ભવનના સમિતિ ખંડમાં આ કાર્યક્રમનો આરંભ થશે. સાહિત્યિક કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર ભીખ વણકર તેમની વાર્તાનું પઠન કરશે અને રમણભાઈ વાઘેલા કાવ્યોનું પઠન કરશે. આ કાર્યક્રમમાં પધારવા સૌ સાહિત્યરસિકોને મંત્રી મુળજીભાઈ પરમાર 'દધિ'એ નિમંત્રણ પાઠવ્યું છે.

# યોગ શિબિર યોજવા ઈચ્છતી સંસ્થાઓને પતંજલિ યોગ સમિતિ દ્વારા નિ:શુલ્ક યોગશિક્ષક અપાશે

ગાંધીનગર, તા. ૧૫
આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે યોગ શિબિર હેતુ નિ:શુલ્ક યોગ શિક્ષક પૂરા પાડવા જિલ્લા પતંજલિ યોગ સમિતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં ગાંધીનગર પતાંજલિ યોગ સમિતિના સંગઠક અનિલ જોષીએ જણાવ્યું છે કે તા. ૨૧ જૂનના રોજ જે સંસ્થા યોગ શિબિર યોજવા માગતી હોય અને તેને યોગ શિક્ષકની જરૂર હોય તો ગાંધીનગર જિલ્લા પતંજલિ યોગ સમિતિ નિ:શુલ્ક યોગ શિક્ષક આપશે. આ માટે પતંજલિ સમિતિના મુખ્ય સંગઠક શ્રી અનિલ જોષી (મો.નં.૯૬૬૨૫ ૧૭૭૪૭)નો સંપર્ક તા. ૧૮ જૂન, ૨૦૧૮ સુધીમાં સાધવો એવો અનુરોધ તેમણે કર્યો છે.

# ૧૨મા ધોરણ પછી આઈઆઈએમમાં પ્રવેશ મળી શકે ?

**ધ કરિયર કોર્નર!**
**હાર્દિક કે. પરીખ**

વાચક મિત્રો, 'કૅરિયર કોર્નર' ને સારો પ્રતિસાદ આપવા બદલ આભાર.આપના કોઈ પણ કારકિર્દી વિષયક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં અમને આનંદ ની અનુભૂતિ થશે.યુવાનો જ એ દેશની આવતી કાલ છે. આપણે યુવાનો એકજૂટ થઈ કોઈ પ્રયાસ કરીયે તોહ શક્ય નથી કે એ પ્રયાસમાં પાછા પડીએ.આપણા શહેર ના યુવાનો ના જીવન ની દિશા નિર્ધારિત કરવામાં અમારું જે પણ થોડું-ઘણું યોગદાન રહેશે, એના માટે અમે અત્યંત ખુશી મેહસૂસ કરીશું.ગયા અઠવાડિયે અમે કેટલાક કારકિર્દી વિષયક પ્રશ્નોના ઉત્તર આ કૉલમમાં આપ્યા હતા. આજે કેટલાક બીજા પ્રશ્નો ના જવાબો આપીશું.અને જો તમને પણ કોઈ કારકિર્દી વિષયક પ્રશ્નન હોય તો તમે જરૂર અમને વ્હોટ'સ એપ કે ઈ-મેઈલ કરી શકો છો.

કરિયર તજ્જ્ઞ – પરિધિ ત્રિવેદી પરીખ

**પ્રશ્ન-૧ મારે એર હોસ્ટેસ્સ બનવું છે. શું આ મારા માટે સારી દિશા સિદ્ધ થશે?**

**- રોશની ચૌધરી**



જવાબ- આ ખૂબ ગ્લેમરસ કરિયર છે પણ એટલું જ ડિમાન્ડિંગ પણ છે. તમને દેશ-વિદેશ ફરવાની તક મળે છે એ આ ફિલ્ડનું સકારાત્મક પાસું છે.નવા-નવા લોકો ને મળવાની તક મળે. તમારી લાઈફ-સ્ટાઈલ ને એક નવી દિશા મળે. પગાર ઘણો સારો મળે.અને આ બધા ને લીધે તમારું વ્યક્તિત્વખૂબ જ સારું બને. જો તમને આ બધું ગમે તો આ ફિલ્ડ તમારા માટે સારું છે.પરંતુ દરેક સિક્કા ની બે બાજુઓ હોય છે એવી રીતે દરેક વસ્તુ માં કંઈક ફાયદા તો કેટલાક નુકસાન હોય છે.એર હોસ્ટેસ્સ બનવું થોડું કઠીન છે. ખુબ સરળતા થી આ નોકરી મળતી નથી.એર હોસ્ટેસ ની પરિક્ષા માં સફળતા ની ટકાવારી માત્ર ૧% છે. એરહોસ્ટીસની નોકરી ખૂબ જ મુશ્કેલ છે કારણ કે તમારે પ્લેન પર તમામ પ્રકારના લોકોસાથે સારોવ્યવહાર કરવો પડશે.ફ્લાઈટ સલામતી અને સુરક્ષા મુદ્દાઓ વિષે ની કાળજી લેવી પડે છે.તમને ફ્લાઈટની વિલંબ, ખોરાક વિશેની અન્ય ફરિયાદો સાંભળવીપડે છે અને જો કોઈ બીમાર હોય તો કાળજી લેવી પડે છે.તમારું રોજનુ કામ ૧૦ કલાકથી વધુ છે. આ ઉપરાંત ત્યાં કોઈ નિશ્ચિત શેડ્યૂલ નથી. ક્યારેક તમે દિવસમાં કામ કરો છો અને ક્યારેક રાત્રે. જેથી તમે તમારા પરિવાર સાથે ઘરે સમય પસાર કરી શકતા નથી. તમને હવે એર હોસ્ટેસ વિષયક ઘણા બધા સારા અને ના-સારા મુદ્દા ઓ વિષે માહિતી મળી છે. તમે આ વિષય પર વિચારી જુઓ. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈ-મેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

**પ્રશ્ન- ૨ - હું ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ માં અભ્યાસ કરું છું. મારી સૌથી મોટી સમસ્યા છે કે શાળા અને ટ્યૂશનમાં મારો બધો જ સમય જતો રહે છે. જાતે વાંચી ને તૈયાર કરવાનો સમય જ નથી મળતો. અને વાંચન પૂરું ના થવાને લીધે મને ખૂબ સ્ટ્રેસ રહે છે.જરૂરી માર્ગદર્શન આપશો.**

**- હર્ષ ઠક્કર**



જવાબ-ભણતર તમારા માટે જરૂરી છે. તમારે પોતાના સમય ને સાચી દિશામાં વાપરવાની જરૂર છે.સમય નો સદુપયોગ એ તમારી સમસ્યા નું નિરાકરણ છે. દરરોજ સવારેતમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર 'ટુ-ડુ લિસ્ટ' બનાવો. સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો.જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. શાળાની નાની મોટી બધી જ ટેસ્ટ આપવી. રોજ નું રોજ વાંચવાનું પૂરું કરવું.જે જે સ્કૂલ માં કે ટ્યુશન માં ચાલે એ બધું તે જ દિવસે યાદ કરી લેવાની ટેવ પોતાની જાતને પાડવી. સવારે ૫:૦૦ વાગે ઉઠો અને શાળા એ જતા પહેલા ૧ કલાક વાંચો. ૧૫-૨૦ મિનીટ નો પણ સમય ક્યાંક મળે તો તેનો ઉપયોગ કરવો. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે આજનું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માની ને વાંચતા રહેવું.આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. ઓલ ધ બેસ્ટ! આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

**પ્રશ્ન-૩ - મારુ નામ ઍંજલ પાઠક છે. મારે MBA કરવું છે. ૧૨મા ધોરણ પછી મને IIM માં પ્રવેશ મળી શકે?**

**- ઍંજલ પાઠક**



જ્વાબ-જરૂર ઍંજલ. તમે ૧૨ માં ધોરણ પછી IIM-Indroeમાં પ્રવેશ તેની IPM એન્ટ્રન્સ પરીક્ષા મારફતે મેળવી શકો છો. ધ્યાનમાં રાખવા લાયક બાબત એ છે કે ભારત ની બધી જ IIMsમાંથી IIM ઈંદૌર એ એકમાત્ર IIM છે જે ૧૨મા પછી એડ્મિશન આપે છે. આ પરીક્ષામાં અંગ્રેજી(૧૬૦ માર્ક્સ), ગણિત અને તાર્કિક પ્રશ્નો (૨૪૦ માર્ક્સ) પૂછાય છે. આ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવે છે. ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા પછી ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે. અને ઈન્ટરવ્યૂ પાસ કર્યા પછી ફાઈનલ સિલેક્શન થાય છે. આ પરીક્ષામાં ઉતીર્ણ થવા કોમ્પિટિશન પણ સારી થાય છે કારણકે ૧૨૦ બેઠકો માટે તમારા જેવા હજારો વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે. આ પરીક્ષા માં સખત મેહનત અને સચોટ માર્ગદર્શનથી સફળતા મળી શકે છે. તમને તમારી તૈયારીઓ માટે ખૂબ ખૂબ શુભકામનાઓ. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો.

આપના કરિયરને લગતી મૂંઝવણો અને પ્રશ્નો વ્હાટ્સ એપ કે ઈમેલ દ્વારા પૂછી શકો છો.

email - questions.careercroner@gmail.com
(M) 88 49 22 16 53

નોંધ : તમારા પ્રશ્નો સાથે તમારું નામ, ઉંમર, અભ્યાસ, ઈમેઈલ અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.